# મોડલ

એક મોડેલ, કપડાં, સૌંદર્ય પ્રસાધનો, ભોજન, સ્થળો તેમજ કાર સહિત અનેકવિધ ઉત્પાદનોની જાહેરાત કરવા માટે કન્ઝ્યુમર બ્રાન્ડ્સ, ફેશન ડિઝાઈનર્સ, ફોટોગ્રાફરો અને કલાકારો સાથે કામ કરે છે. સામયિકો, ટેલિવિઝન, વર્તમાનપત્રો, કેટલોગ, હોર્ડિંગ અને ઑનલાઈન દ્વારા જાહેરાત/પ્રચાર-પ્રસાર થઈ શકે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે તમામ પ્રકારના લોકો સાથે સહજતાથી વાતચીત કરી શકો છો
- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો
- તમે મહત્વાકાંક્ષી વ્યક્તિ છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૩૦,૦૦૦ થી ૯૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે digitalgujarat.gov.in ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, www.vidyalakshmi.co.in, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. મોડલ માટેનો તાલીમ કોર્ષ પૂર્ણ કરો. એક પોર્ટફોલિયો બનાવો, મોડેલિંગ એજન્સીમાં અરજી કરો અને રોજગાર મેળવો

**અથવા**

અભિનય અને મોડલિંગમાં ડિપ્લોમા કરો ત્યારબાદ મોડલ માટેનો તાલીમ કોર્ષ પૂર્ણ કરો. એક પોર્ટફોલિયો બનાવો, મોડેલિંગ એજન્સીમાં અરજી કરો અને રોજગાર મેળવો

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહીં આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક મોડલની માસિક આવક લગભગ
રૂ. ૨૬,૬૬૭ થી ૧,૮૩,૩૩૩* જેટલું હોય છે.

સ્રોતઃ https://in.talent.com/salary?job=mode

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ઉત્પાદનોની વિશાળ શ્રેણીની જાહેરાત કરવા માટે તમે બ્રાન્ડ્સ, ફેશન ડિઝાઈનર્સ, ફોટોગ્રાફરો અને કલાકારો સાથે કામ કરશો

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ નથી. તમે વિવિધ હવામાનમાં સ્ટુડિયોમાં અને બહાર એમ બંને જગ્યાએ કામ કરી શકો છો.અંશકાલિન (પાર્ટ-ટાઈમ) તેમજ પૂર્ણ કાલિન (ફૂલ ટાઈમ) રોજગાર વિકલ્પો ઉપલબ્ધ હોઈ શકે છે. કામના કલાકો અનિયમિત રહેવાની શક્યતા છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

મૉડલ → વરિષ્ઠ મૉડલ → અભિનેતા

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ફેશન મોડલ, હેન્ડ મોડલ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**મોડેલિંગના અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવતી સંસ્થાઓ.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

૧. એફ.એ.ડી. ઈન્ટરનેશનલ પુણે
૨. આઈ.આઈ.એફ.ટી., નવી દિલ્હી
૩. વર્ચ્યુઅલ વોયેજ કોલેજ, ઈન્દોર
૪. એનઆઈએફટી, ગાંધીનગર
૫. એશિયન એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન. નોઈડા
૬. આઈ.સી.ઈ. બાલાજી ટેલિફિલ્મ્સ, પુણે
૭. આર.કે. ફિલ્મ્સ એન્ડ મીડિયા એકેડમી, દિલ્હી
૮. વર્લ્ડ યુનિવર્સિટી ઓફ ડિઝાઈન, સોનેપત
૯. રેઝોનન્સ યુનિવર્સિટી, ઈન્દોર
૧૦. નેશનલ કોલેજ ઓફ મીડિયા એન્ડ કોમ્યુનિકેશન, ચેન્નાઈ
૧૧. મુંબઈ સ્કૂલ ઓફ સિનેમેટિક એન્ડ પર્ફોર્મિંગ આર્ટ
૧૨. એઈમફિલ ઈન્ટરનેશનલ, બેંગલુરૂ
૧૩. ઈન્સ્ટિટ્યુટ ઑફ ક્રિએટિવ એક્સેલન્સ, કોલકાતા
૧૪. એનઆઈડી, અમદાવાદ
૧૫. ક્રેસ્ટા સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, સાયન્સ એન્ડ આર્ટ્સ, મૈસુર
૧૬. સિનેક્રાફ્ટ એકેડેમી ઑફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન, પુણે
૧૭. ઈન્ટરનેશનલ એકેડમી ઓફ કમ્પ્યૂટર ગ્રાફિક્સ, હૈદરાબાદ
૧૮. બી.બી.કે. ડિ.એ.વી. કોલેજ ફોર વુમન, અમૃતસર
૧૯. ફેફફિન ઈન્સ્ટિટ્યુટ ઓફ મોડલિંગ એન્ડ એક્ટિંગ, કોલકાતા
૨૦. ભારતીય ફિલ્મ અને મીડિયા સંસ્થા, મુંબઈ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

### ઓનલાઈન અભ્યાસક્રમો

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

પૂર્ણ કાલિન અભિનેત્રી બનતા પહેલાં **દીપિકા પાદુકોણે** એક ફેશન મોડલ તરીકે કામ કર્યું હતું. દીપિકાએ કિંગફિશર ફેશન એવોર્ડ્સમાં "મોડલ ઓફ ધ યર" એવોર્ડ જીત્યો ત્યારે તેને મોટી સફળતા પ્રાપ્ત થઇ. તેણીએ બેંગ્લોરની સોફિયા હાઈસ્કૂલમાં શિક્ષણ મેળવ્યું હતું અને માઉન્ટ કાર્મેલ કોલેજમાં તેણીનું પ્રિ-યુનિવર્સિટી શિક્ષણ પૂર્ણ કર્યું હતું.*

સ્ત્રોતઃhttps://indianexpress.com/article/entertainment/bollywood/deepika-padukone-birthday-ads-ramp-appearances-before -Œu-ƒ™u-yu-Mxkh-7705794/

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.